## આશીર્વાદ : સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદા

### ૧૨ નવેમ્બર ૨૦૨૦, પ્રકાશપર્વોના દિવ્ય શુભારંભ



- આપણા માટે તો અંતર પ્રકાશિત કરવાનું આ પર્વ છે. અંતર પ્રકાશિત કરવું એટલે શું ? તો જેમ પ્રકાશ થાય એમ આપણને જે કંઈ સામે છે એનાં દર્શન થાય. આપણી સામે તો અત્યારે પ્રગટ ને પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ પરમ પૂજ્ય સાહેબદાદા સાક્ષાત્ બિરાજમાન છે, એમનાં દર્શન કરવાં છે. એવો પ્રકાશ પથરાય ત્યારે એમની સર્વ ક્રિયામાં, એમનાં સર્વ વર્તનમાં, એમની મૂર્તિમાં અખંડ આપણને પ્રભુનાં દર્શન થાય. અને એવો પ્રકાશ આપણને પ્રાપ્ત થાય એ માટે આજે આપણે આ ઉત્સવ ઊજવીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ.
- સાહેબજીએ આપણો સૌનો સ્વીકાર કર્યો, એ આપણે બહુ મહા ભાગ્યશાળી! તો પ્રાર્થના એ જ કરવી છે કે, એ સાહેબજી આજે પ્રગટ ને પ્રત્યક્ષ છે તો અમારા હૃદયમાં એમના વિશેનું માહાત્મ્ય વધે, પૂર્ણ રીતે સમજાઈ જાય. શ્રીજીનાં જે ઐશ્વર્ય, સ્વામીનાં જે ઐશ્વર્ય ને પ્રતાપ, એ જ સાહેબદાદાનાં ઐશ્વર્ય ને પ્રતાપ ! આપણા 'સ્વ'ના ભાવ ઓગાળી શકે તેવા એ દિવ્ય પુરુષ ! આપણા સર્વના દોષ ટાળી શકે, નિર્દોષ કરી શકે, આપણા રોમરોમમાં પ્રભુ પધરાવી શકે તેવા એ એવા એ દિવ્ય પુરુષ ! એ જાતનો મહિમા આપણને સૌને દઢ થઈ જાય, એ આપણે માંગવું છે.
- હંમેશાં હાલતાં-ચાલતાં-ખાતાં-પીતાં સર્વ ક્રિયાને વિષે મારા પ્રભુ મારી સાથે છે અને એ પ્રભુ આજે પ્રગટ અને પ્રત્યક્ષ મને સાહેબજી સ્વરૂપે મળ્યા છે. તેઓ મારી સાથે છે, મારી રક્ષા કરી રહ્યા છે એવો ભાવ અખંડ રાખીને વિહાર કરીએ તો જરૂર જરૂર મહારાજ, સ્વામી ને સૌ સ્વરૂપો અને સાહેબદાદા આપણા સૌ પર એટલી બધી કૃપા વરસાવશે કે, પરિણામે આપણાં હૃદય ઊજળાં થશે, પ્રકાશિત થશે. એ પ્રકાશિત હૃદયમાં અખંડ સાહેબદાદાની મૂર્તિ શોભાયમાન દર્શન આપશે, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ મૂર્તિ શોભાયમાન દર્શન આપશે, મહારાજ-સ્વામી પણ એવાં જ દિવ્ય દર્શન આપશે. એવી દિવ્ય દૃષ્ટિ આપણને પ્રાપ્ત થશે.
- આપના સ્વરૂપને વિશે અમે ઓગળી નથી શકતા. આપની પ્રત્યેક આજ્ઞા, આપની અનુવૃત્તિ, આપનો અભિપ્રાય સમજીને જીવી નથી શકતા એ અંધકાર છે. અમે અમારું રાખીને જીવીએ છીએ એ અંધકાર છે. અમને અમારું જ ગમે છે એ અંધકાર છે. સર્વ ભક્તોને મહિમાથી જોઈ નથી શકતા, એમની સાથે વ્યવહાર નથી કરી શકતા એ અંધકાર છે. સૌ પ્રભુનાં સ્વરૂપો છે. આપનો સંબંધ થયો એ સૌ દિવ્ય. પરંતુ જ્યાં સુધી હું મારા પોતાના અહંભાવમાં જીવું છું ત્યાં સુધી સર્વને વિષે એ ભાવ કરવો એ ખરેખર બહુ અઘરું છે. એ અંધકાર અમારે ટાળવો છે.

### ૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સવારની સભા)

- આપણે તો પ્રગટ અને પ્રત્યક્ષના ઉપાસકો છીએ. જીવન જીવવા માટેનો અભિગમ આપણો જુદો છે. જગત અને વ્યવહારમાં બધા ભક્તો જીવે છે તેઓ જ્યારે સરસ રીતે લક્ષ્મી કમાય, સરસ ઘર હોય, ગાડી હોય, સમૃદ્ધિ હોય ત્યારે એનો તેઓ સંતોષ માને. ભગવાન પાસે માગે પણ એવું જ. જ્યારે આપણે પ્રત્યક્ષના ઉપાસકો છીએ, એનાથી એક ડગલું આગળ વધીને ભગવાન પાસે માગીએ છીએ કે, પ્રભુ લક્ષ્મીજી અઢળક આપો, પરંતુ એ લક્ષ્મીજી આપના ચરણોમાં ધરીને આપની સેવામાં વપરાય. અમારો તો સંસાર સુંદર ચાલે જ, એમાં તો અમે સારી રીતે જીવીશું, તમને ગૌરવ અપાવે એવું અમે સરસ રીતે જીવીશું. ઘરમાં સરસ ચોખ્ખાઈ રાખીશું. આ બધું તો અમે કરીશું જ, પરંતુ, સાથે સાથે આ લક્ષ્મીપૂજનનો વિધિ, શારદાપૂજનનો વિધિ જ્યારે થાય છે ત્યારે અમે એક બીજી માગણી એ કરીએ છીએ કે, આપ ખૂબ રાજી થાવ, અઢળક લક્ષ્મી સૌ ભક્તોને આપો. પરંતુ એમાં અમે કોઈ બંધાઈએ નહિ. લક્ષ્મીજી અઢળક આવે, પણ એ બધું આપનું આપેલું છે, એવો ભાવ અખંડ અમને રહે. એ અમને બંધન ના કરે, નિર્બંધ રહીએ. બંધન કેવળ તમારી સાથેનું જ રહે. સમૃદ્ધિ ને લક્ષ્મી બધું આપે પ્રાપ્ત કરાવ્યું, તો એ બધું આપના ચરણોમાં સમર્પિત કરી અને પ્રસાદરૂપે અમે સ્વીકારીશું. અમારું નથી, એ સઘળું તમારું છે એવો ભાવ અમારા હૃદયમાં રહે એવી આજે કૃપા કરજો.

- આપણે મહારાજે 'શિક્ષાપત્રી'માં જે લખ્યું છે તે પ્રમાણે ચોખ્ખો હિસાબ લખીએ. એ ચોખ્ખો હિસાબ એટલે જે કમાણી કરી તેના દશાંશ-વીશાંશ ભાગ કાઢવાની મહારાજે આજ્ઞા કરી છે. એ પણ કાઢ્યો, અને બાકીનું બધું જે મારી પાસે રહ્યું છે, આ ચોપડામાં બતાવે છે, એ બધું પણ હે પ્રભુ! તમારું છે. તમે જ્યારે ને જેમ કહેશો એમ તેનો ઉપયોગ કરીશું.

### ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતન વર્ષ-ભાઈબીજ મંગલ સભા

- કેટલાય જન્મોથી આપણે ભક્તિ, સેવા કરતા આવ્યા છીએ. અંતિમ પામવું છે શું ? આજે સાહેબદાદા પ્રગટ ને પ્રત્યક્ષ છે. એમાં 'હું' ને 'મારું' ગમતું મૂકી દઈએ. એકેએક ક્રિયા જે કંઈ કરીએ છીએ તે ખરેખર સમર્પિત ભાવથી કરીએ. શું સાચું ને શું ખોટું તે સમજીને કરીએ. જે ખોટું છે તે મૂકી દેવા અને જે સાચું છે તેને સંપૂર્ણપણે સો ટકા સ્વીકારવા માટે જાગ્રત રહીને વર્તન કરીએ. તો સાહેબદાદાનું સ્વરૂપ ઓળખાઈ જાય, પ્રભુની રુચિ સમજાઈ જાય, રહસ્ય સમજાઈ જાય કે, એમને જીવનમાં શું કરાવવું છે ?
- હે સાહેબદાદા ! ચોવીસ કલાક અમારું સમગ્ર તંત્ર તમારી રીતે નથી વર્તતું તે તો સ્વીકારીએ. અને એ સ્વીકારીને પછી હવે અમે પ્રાર્થના કરીએ કે, અમારાં મન, બુદ્ધિ, ચિત્ત અમને તમારી મૂર્તિમાંથી ક્યાંય દૂર લઈ જાય છે એનો સ્વીકાર તો કરીએ. અને પ્રાર્થના કરીએ કે, તમારા સિવાય કશું રાખવું નથી. જે દિવસે એમને જ કેવળ રાખ્યા તે દિવસે આ બધાં જ એમનાં સ્વરૂપો છે તે દિવ્ય મનાઈ જશે. અત્યારે આપણને સૌના દોષ દેખાય છે, સૌની ક્રિયાઓ દેખાય છે, સૌના ગુણ પણ દેખાય છે અને અવગુણ પણ દેખાય છે. કારણ કે, આપણું તંત્ર માયિક છે, બુદ્ધિથી દોરવાય છે. જે દિવસે આત્માથી દોરવાશે - આત્મા એટલે 'મારા સાહેબ એ મારો આત્મા' - એનાથી દોરવાશે તે દિવસે આ સર્વમાં પ્રભુનાં દર્શન થઈ જશે. આપણું અંતિમ ધ્યેય આ છે. 'અક્ષરં અહં, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ...' આ આપણું ધ્યેય છે. અખંડ એનું અનુસંધાન નવા વર્ષમાં રહે.
- આજે નવા વર્ષે આપણે સંકલ્પ કરીએ કે, હવે મારું ચોવીસ કલાકનું, પ્રતિપળનું જીવન કેવળ સાહેબદાદાને પ્રસન્ન કરવા માટે હશે. તો હવે આપણે એમના આકારે જીવવું છે, આપણી સાથે અખંડ અનુભવવા છે.
- આપણું મન કેવું છે ? સાહેબદાદા આશિષ પ્રવચન કરતા હોય, અશ્વિનદાદા બોલતા હોય ને તે વખતે આપણે આપણું મન ક્યાંક બીજે રાખીએ - એ કસર ટાળવી છે. હવે બીજી કસર નથી. સાહેબદાદા ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વાત તો સાબિત થઈ ગઈ. પણ એ ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે સાચા અર્થમાં માનીએ છીએ ? એ ના માનતા હોઈએ તો માનવા માટેના સંકલ્પો કરવા છે અને એ જીવન હવે જીવવું છે.
- એકેએક ક્રિયામાં પ્રભુ મારી સાથે અને એ પ્રભુ કોણ ? એ જ સહજાનંદ, એ જ ગુણાતીતાનંદ, એ જ અક્ષર, એ જ પુરુષોત્તમ આ રહ્યા સાહેબમાં પ્રગટ ! મનુષ્યાકૃતિમાં આ મારી સામે છે. મારી સાથે છે. મારા હૃદયમાં પણ છે. મારા રોમરોમમાં પણ છે. મારી આસપાસ વિચરતા સૌ ભક્તોમાં પણ છે. એમનાં દર્શન કરીને કેવળ એમને જ રાખવા છે. નવા વર્ષના આપણા સૌના આ સંકલ્પો હોય. આ પળથી મારું જીવન એવું બની જાય.
- નવા વર્ષમાં સાહેબદાદા રાજી થાય એવું અનુસંધાન રાખવું છે. અને સાહેબદાદાને રાજી કરવા હોય તો 'સંપ, સુહૃદભાવ, એકતા - સાહેબદાદાની પ્રસન્નતા' એ એકતા રાખવી છે, સંપ રાખવો છે, સુહૃદભાવ રાખવો છે.
- આજના દિવસે પ્રાર્થના કરવી છે કે, હે સાહેબદાદા ! અમે અમારામાંથી બહાર આવીએ. ચોવીસ કલાક અમારી દૃષ્ટિ અમારામાં જ છે. આપ પ્રભુનું સ્વરૂપ છો તે જાણ્યા છતાં આપની રુચિ, રહસ્ય નથી સમજી શકતા. ચોવીસ કલાક અમારા તંત્રને તમારી રીતે નથી વાપરી શકતા. અમે અમારી બુદ્ધિ અને અમારી સમજણને લઈને અમે અમારી રીતે જ જીવીએ છીએ. દયાળુ, એ ટાળો ! આપ સમર્થ છો. અને આપે જેમને સદ્ગુરુ બનાવ્યા તેમના જીવન તરફ દૃષ્ટિ કરીએ છીએ તો ચોવીસ કલાક અનુસંધાન આપની પ્રસન્નતા કરવાનું સૌ રાખે છે અને જીવે છે. એ દર્શન આપે અમને કરાવ્યાં છે તો પ્રભુ, એ રીતે આપની કૃપાથી અમારે પણ એ પ્રાપ્ત કરવું છે તેવા સંકલ્પ કરીએ. અને નવા વર્ષે કરેલા સંકલ્પનું રોજ અનુસંધાન રાખીએ.
- હે સાહેબદાદા, અમારે સૌને એવું જીવવું છે દયાળુ ! અમારી પોતાની તાકાતથી નહિ. અમારા પોતાના બળથી નહિ. આપના બળે જીવવું છે. અને સર્વને દિવ્ય માની, સૌના સેવક બની, સૌના દાસ બની, સૌમાં આપનાં જ દર્શન કરી અમારે આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે. હે દયાળુ, એ અમને આપો એ જ પ્રાર્થના !

◆